

## (B - 35)
## આજ સફળ દિન માહરો

(દુર્લભભવ લહી દોહીલો એ–રાગ)

આજ સફળ દિન માહરો એ, ભેટ્યો વીર જિણંદ કે;
ત્રિભુવનનો ધણી એ.

ત્રિશલારાણીનો નંદ એ કે, જગ ચિંતામણિનાથ; ત્રિ૦
દુઃખ દોહગ દૂરે ટળ્યાં એ, પેખી પ્રભુ મુખચંદ કે....ત્રિ૦ ૧

રિદ્ધિ વૃદ્ધિ સુખ સંપદા એ, ઉલટ અંગે ન માય કે; ત્રિ૦
આવી મુજ ઘર આંગણે એ, સુરગવિ હેજ સવાય કે. ત્રિ૦ ૨

ચિંતામણિ મુજ કર ચઢ્યું એ, પાયો ત્રિભુવનરાજ કે; ત્રિ૦
મુહ માંગ્યા પાસા ઢળ્યાં એ, સિધ્યાં વંછિત કાજ કે. ત્રિ૦ ૩

ચિત્ત ચાહ્યા સાજન મિળ્યા એ, દુરજન ઉડ્યા વાય કે; ત્રિ૦
સૌમ્ય નજર પ્રભુની લહીએ, જેહવી સુરતરુ છાંય કે. ત્રિ૦ ૪

તેજ ઝલાહલ દીપતો એ, ઊગ્યો સમકિત સૂર કે ત્રિ૦
શ્રી દેવગુરુરાજનો એ ભક્ત લહે સુખપૂર કે. ત્રિ૦ ૫